ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમની સીધા ધીરાણની યોજના હેઠળ અપાતાં ધિરાણમાં સરળીકરણ અને એકસુત્રતા લાવવા અંગે....

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-વવજ/૧૦૨૦૧૭/૯૩૪/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તા:-૦૪/૦૯/૨૦૧૭

વંચાણમાં લીધા:-

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૨/૦૭/૨૦૦૯નો પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦૦૯/૧૧૯૬/ગ.
૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦3/૦૬/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:SCW/૧૦૫૧/૧૮૨૭૯૭/ગ.
૩. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૮/૦૫/૨૦૧૬નો તથા તા:૨૭/૧૦/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: અવક/૧૫૨૦૧૬/૨૪૩૯૦૮/જ.
૪. ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના મેનેજીંગ ડિરેક્ટરનો તા:૧૬/૦૬/૨૦૧૭નો પત્ર ક્રમાંક:ગુ.વિ.વિ.નિ/૨૦૧૭-૧૮/૪૧૯૩.

આ મુ ખ :

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા:૦૨/૦૭/૨૦૦૯ના ઠરાવથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નિયંત્રણ હેઠળના તમામ નિગમોની સીધા ધિરાણની યોજના હેઠળ અપાતા ધિરાણમાં સરળીકરણ અને એકસુત્રતા લાવવા જરૂરી જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેમાં વંચાણે લીધેલ ક્રમાંક-(૨) પરના તા:૦3/૦૬/૨૦૧૫ના ઠરાવથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ તેમજ વંચાણે લીધેલ ક્રમાંક-(3) પરના તા:૧૮/૦૫/૨૦૧૬ના ઠરાવથી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ તથા તા:૨૭/૧૦/૨૦૧૬ના ઠરાવથી ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમના લાભાર્થીઓ માટે સીધા ધિરાણ યોજના હેઠળની મહિલા સમૃદ્ધિ યોજના અને માઈક્રો ક્રેડીટ ફાયનાન્સ યોજનામાં ધીરાણની મર્યાદા રૂ.૫૦,૦૦૦/- થતાં જામીનદારમાંથી મુક્તિ

આપવામાં આવેલ છે અને ફકત ૫(પાંચ) પોસ્ટ ડેટેડ ચેક લઈ ધિરાણ આપવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવેલ છે.

ઉક્ત જોગવાઈ વિચરતી અને વિમુક્ત જાતિના લાભાર્થીઓ માટે પણ લાગુ કરવા માટે ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના તા:૧૬/૦૬/૨૦૧૭ના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :

પુખ્ત વિચારણાના અંતે વિચરતી અને વિમુક્ત જાતિ જેવા અસ્થાયી અને રખડતું-ભટકતું જીવન ગુજારતા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોમાં અતિ પછાત એવા આ સમૂહોના લાભાર્થીઓના જામીનદાર થાય તેવા કોઇ સરકારી નોકરીયાતો અથવા સ્થાવર મિલ્કત ધરાવતા જામીનદારો મળવા મુશ્કેલ હોવાથી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ હેઠળ ચાલતી મહિલા સમૃદ્ધિ યોજના અને માઈક્રો ક્રેડીટ ફાયનાન્સ યોજનાનાં ધીરાણ માટે રૂ.૫૦,૦૦૦/- સુધીની ધિરાણની મર્યાદા સુધી વ્યક્તિગત કે સમૂહગત કિસ્સાઓમાં જામીનદાર રાખવામાંથી મુક્તિ આપવામાં આવે છે અને તેને બદલે હવેથી રૂ.૫૦,૦૦૦/- સુધીના ધિરાણ સામે ફકત લાભાર્થીના નામના ૦૫(પાંચ) પોસ્ટ ડેટેડ એકાઉન્ટ પેઈ ક્રોસ ચેક(Account Payee Crossed Cheque) લઈ ધિરાણ કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૭/૦૮/૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. જી. વણઝારા)
અધિક સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.